VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં માનવ વિકાસના સંદર્ભમાં શિક્ષણ અંગેની પરિસ્થિતિનો અભ્યાસ

## ડૉ. હરીગોપાલ ગિરધરલાલ અગ્રવાલ

પીએચ.ડી. ગાઈડ,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા.
અધ્યક્ષ શ્રી,
અર્થશાસ્ત્ર વિભાગ,
શ્રી કે. આર. દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ઝાલોદ, જી. દાહોદ.

## કિશોર ધનજીભાઇ ગોહિલ

પીએચ.ડી. સ્ટુડન્ટ,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા.

**સારાંશ**

શિક્ષણને માનવીના માનવ તરીકેના અસ્તિત્વની સાથે સાંકળવામાં આવ્યું છે. શિક્ષણ વિના માનવી સંભવી જ ન શકે એવી એની દૈહિક રચના રચાયેલી છે. જન્મથી જ માનવીને પ્રાપ્ત થતી શારીરિક સંપત્તિ, એનાં અંગ-ઉપાંગો, એનું મગજ, એની જ્ઞાનેન્દ્રિયો વગેરે એને જીવનભર ટકી રહેવા, વિકસવા, સફળ નીવડવા અને તેમ કરીને એના જીવનની સાર્થકતાનો અનુભવ કરી, તેમાંથી મહત્તમ આનંદ અને સંતોષ મેળવવા જાણે કે એને નિરંતર શીખતા રહેવાની સામગ્રી પૂરી પાડે છે. એ માટે એને અભિપ્રેરણા આપે છે અને એમ કરીને દુનિયાના અન્ય પ્રાણી જાતથી એને એક આગવી ઓળખ આપે છે. આથી જ માનવીને 'એક શીખતા પ્રાણી' તરીકે ઓળખવામાં આવ્યો છે. જેમ માનવીની દૈહિક સંપત્તિ એને સદા શીખતું રહેતું વ્યક્તિત્વ બક્ષે છે, એમ એની અનેકવિધ માનસિક શક્તિઓ, જેવી કે બુદ્ધિ, તર્ક, કલ્પના, સ્મૃતિ, અર્થગ્રહણ, તુલના, નિષ્કર્ષ, કુતૂહલ વગેરે એને પ્રચંડ ક્ષમતાભંડાર બક્ષે છે; જે એને શીખવા અને સતત શીખતા રહેવા એક અંતર્ગત બળ પૂરું પાડે છે. કુદરતે એને વાચા આપીને તો જાણે શીખવા-શીખવવાની અનેકાનેક સંભાવનાઓનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં ! પરિણામે, આદિ કાળથી લઈને આજ લગી માનવીએ અતિરોમાંચક, અતિસાહસભરી અને અકલ્પ્ય પરિણામો ધરાવતી જ્ઞાનયાત્રા ખેડ્યાં કરી છે. આજે એ 21મી સદીના આરંભે શરૂ થયેલા જ્ઞાનયુગનો તે એક કાબેલ યાત્રી, નિર્માતા અને વ્યવસ્થાપનકાર બની શક્યો છે એ તેના વિકાસનું ઇતિહાસનું એક અભૂતપૂર્વ પ્રકરણ બનવા પામ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** જ્ઞાનયુગ, શિક્ષણ, માનવ, અસ્તિત્વ, માનસિક શક્તિઓ.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## પ્રસ્તાવના:

“શિક્ષણ માનવને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે છે. ” –ઋગ્વેદ

શિક્ષણને માનવીના માનવ તરીકેના અસ્તિત્વની સાથે સાંકળવામાં આવ્યું છે. શિક્ષણ વિના માનવી સંભવી જ ન શકે એવી એની દૈહિક રચના રચાયેલી છે. જન્મથી જ માનવીને પ્રાપ્ત થતી શારીરિક સંપત્તિ, એનાં અંગ-ઉપાંગો, એનું મગજ, એની જ્ઞાનેન્દ્રિયો વગેરે એને જીવનભર ટકી રહેવા, વિકસવા, સફળ નીવડવા અને તેમ કરીને એના જીવનની સાર્થકતાનો અનુભવ કરી, તેમાંથી મહત્તમ આનંદ અને સંતોષ મેળવવા જાણે કે એને નિરંતર શીખતા રહેવાની સામગ્રી પૂરી પાડે છે. એ માટે એને અભિપ્રેરણા આપે છે અને એમ કરીને દુનિયાના અન્ય પ્રાણી જાતથી એને એક આગવી ઓળખ આપે છે. આથી જ માનવીને ‘એક શીખતા પ્રાણી’ તરીકે ઓળખવામાં આવ્યો છે.

માનવી માટે શીખવાની પ્રક્રિયા એ એક સહજ, નૈસર્ગિક અને સરળ પ્રક્રિયા છે. કુદરતે એને અનુકરણની અમોઘ શક્તિ આપીને નાની, કાચી વયથી જ શીખવાનું પાયાનું આધાર-માળખું રચી આપ્યું છે. એના સહારે એ હાવભાવ શીખે છે, એની વાચા વિકસાવે છે, ભૌતિક અસ્તિત્વ માટેની પાયાની ટેવો ગ્રહણ કરે છે, સમાજમાં સ્વીકાર પામવા માટેનાં  આચરણો વિકસાવે છે અને પછી તો જીવન અને વ્યવસાયનાં અગણિત ક્ષેત્રો માટેનાં વર્તનો, વ્યવહારો, કલાઓ અને કસબ શીખે છે. અનુકરણની તાકાતથી એ જે ખૂબીથી એની પ્રથમ ભાષા, એનાં ઉચ્ચારણો, એની સંરચનાઓ, એની સંકુલતાઓ, એની નજાકતો અને એનું વ્યવહારુ વ્યાકરણ શીખી લે છે એ શૈક્ષણિક માનસશાસ્ત્રની હજી સુધી અકળ રહેવા પામેલી ઘટના છે.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા કેટલાક ચોક્કસ માપદંડોના આધારે જુદા જુદા રાષ્ટ્રોનો માનવ વિકાસ આંક દર વર્ષે નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસના માપદંડોમાં શિક્ષણ, આરોગ્ય, આયુષ્ય દર, બાળ મૃત્યુદર, ગરીબી, બેરોજગારી વગેરે જેવા માપદંડોને આધારે માનવ વિકાસ તપાસવામાં આવે છે. તાજેતરમાં UNDP દ્વારા તૈયાર કરવામાં આવેલ માનવ વિકાસ આંકના સંદર્ભમાં વાત કરીએ તો વર્ષ ૨૦૧૩માં પ્રકાશિત કરવામાં આવેલ માનવ વિકાસના અહેવાલ પ્રમાણે વિશ્વના ૧૮૬ દેશો પૈકી ભારતનો ક્રમ ૧૩૬ છે, જોકે આ દર ઘણો ઓછો છે. માનવ વિકાસનો નીચો દર અલ્પ વિકસિત અર્થતંત્રની એક લાક્ષણિકતા છે. અહીં એ પણ જરૂરી છે કે, માનવીનો માત્ર ભૌતિક વિકાસ થાય એ પર્યાપ્ત નથી. મનુષ્યનો સામાજિક, બૌધિક, ભાવાત્મક, આધ્યાત્મિક એમ સર્વાંગી વિકાસ થવો જોઈએ.

## હાલોલ તાલુકાનો ટૂંકમાં પરિચય:

**હાલોલ** મધ્ય ગુજરાતનાં પંચમહાલ જિલ્લાના મહત્વના હાલોલ તાલુકાનું શહેર અને તાલુકા મથક છે. પ્રખ્યાત યાત્રાધામ પાવાગઢ તેમ જ વર્લ્ડ હેરિટેજ સાઇટનું સ્થાન ધરાવતું પૌરાણિક નગર ચાંપાનેર અહીંથી ૫ કિમી દૂર આવેલ છે.

## માનવ વિકાસનો અર્થ:

આ શબ્દનો ઉપયોગ પ્રસાર માધ્યમો, રાજકીય નેતાઓ, વિવિધ સંસ્થાઓ અને સરકારો અવરણવાર કરે છે. ‘માનવ વિકાસ’ શબ્દસમૂહ માનવ ક્ષમતાઓના વિસ્તરણ, પસંદગીઓના વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે વપરાય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય, પોષણ અને સંશાધનોના નિયંત્રણ કરતાં કઈંક વધુ બાબતનો સંકેત આપે છે.

“માનવ વિકાસ એ માનવની આકાંક્ષાઓ અને જરૂરી હોય તેવી જીવનનિર્વાહની સુવિધાઓ વિસ્તારવાની પ્રક્રિયા છે.” –UNDP

http://vidyajournal.org

## માનવ વિકાસ એટલે-

- ✓ માનવી પોતાની રસ, રુચિ, આવડત, બુદ્ધિ-ક્ષમતા અનુસાર સફળ અને સર્જનાત્મક જીવન જીવવામાં સહાયક બને.માનવ ક્ષમતાઓનું નિર્માણ થાય, સમાનતા પ્રાપ્ત થાય, વિવિધ ક્ષેત્રોમાં પસંદગીનો વ્યાપ વધે.
- ✓ માનવી તંદુરસ્ત, આરોગ્યમય, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન જીવે.
- ✓ માહિતી અને શિક્ષણ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે.
- ✓ આર્થિક ઉપાર્જનની તકો પ્રાપ્ત થાય.
- ✓ ઊંચા જીવનધોરણ માટે કુદરતી સંસાધનો સમાન રીતે ઉપલબ્ધ બને.
- ✓ ગુણવત્તાભર જીવનશૈલી પ્રાપ્ત થાય.
- ✓ વ્યક્તિગત અને સામાજિક સુરક્ષા પ્રાપ્ત થાય.
- ✓ માનવ અધિકારોનો ઉપયોગ કરે.

વિકાસશીલ દેશોમાં નવીન સુધારા પ્રત્યે ઉદાસીનતા, કે સૂગ, નીચી આકાંક્ષા, નિરક્ષરતા, સાહસવૃત્તિનો અભાવ, વહેમ-અંધશ્રદ્ધા, જુનવાણી માણસ, જૂની પુરાણી રુધિઓ, રિવાજો ઉપરાંત ભૌતિક અને કુદરતી સંસાધનોના અપૂરતા ઉપયોગ વગેરેને લીધે આર્થિક વિકાસ અને અંતે સામાજિક વિકાસ સાધી શકાયો નથી.

## માનવ વિકાસ અંગેના માપદંડો:

સેનના મતે "માત્ર આર્થિક વૃદ્ધિથી માનવ વિકાસ થઈ શકે નહીં તે માટે ભૌતિક સાધનો (ચીજવસ્તુ)ની વૃદ્ધિ સાથે લોકોની કામગીરીઓ, ક્ષમતાઓ અને પસંદગીઓના સ્વાતંત્ર્યોની વૃદ્ધિ પણ થવી જોઈએ." –સેન ક્ષમતાઓના સતત વિસ્તારણને માનવ વિકાસ કહે છે.

વિકાસ અંગે વિવિધ અર્થશાસ્ત્રીઓએ રજૂ કરેલ આંક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | આંક | સમય | ચિંતક | સ્વરૂપ |
|---|---|---|---|---|
| ૧ | જીવન ધોરણ | ૧૯૭૪ | જે. દેવોનોસ્કી | લોકોને પ્રાપ્ત થતાં ચીજવસ્તુ અને સેવાના આધારે લોકોના સંતોષનો સ્તર માપી શકાય. |
| ૨ | કલ્યાણનો આંક | ૧૯૮૦ | એ. ઓસ્કાર | લોકોના કલ્યાણનો સ્તર |
| 3 | જીવનની ગુણવત્તા | ૧૯૮૦ | એ. સ્ઝાલાઈ | પર્યાવરણીય પ્રદૂષણ, સુરક્ષામાં ઘટાડો અને જીવનની ગુણવત્તામાં ઘટાડાના સંદર્ભમાં જીવન ધોરણ |
| ૪ | જીવનની ગુણવત્તા | ૧૯૮૦ | અમલાન દત્તા અને અગ્રવાલ | લોકોના પોતાના જીવનની સ્થિરતાના સંદર્ભમાં ગુણાત્મક પરિપેક્ષ્ય |
| ૫ | જીવનની ગુણવત્તા | ૧૯૮૨ | મોરિસ ડી. | સરેરાશ આયુષ્ય, અક્ષરજ્ઞાન અને બાળમૃત્યુ દર |
| ૬ | સામાજિક પ્રગતિ આંક | ૧૯૮૪ | એમ. દેસાઇ | વ્યક્તિગત આયુષ્ય, ખાનગી વસ્તુનો વપરાશ તથા શુદ્ધ પાણી, સફાઈ, સુરક્ષા અનર વાહનવ્યવહાર જેવી જાહેર વસ્તુની પ્રાપ્તિ |

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*


**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

માનવી માટે શીખવાની પ્રક્રિયા એ એક સહજ, નૈસર્ગિક અને સરળ પ્રક્રિયા છે. કુદરતે એને અનુકરણની અમોઘ શક્તિ આપીને નાની, કાચી વયથી જ શીખવાનું પાયાનું આધાર-માળખું રચી આપ્યું છે. એના સહારે એ હાવભાવ શીખે છે, એની વાચા વિકસાવે છે, ભૌતિક અસ્તિત્વ માટેની પાયાની ટેવો ગ્રહણ કરે છે, સમાજમાં સ્વીકાર પામવા માટેનાં આચરણો વિકસાવે છે અને પછી તો જીવન અને વ્યવસાયનાં અગણિત ક્ષેત્રો માટેનાં વર્તનો, વ્યવહારો, કલાઓ અને કસબ શીખે છે. અનુકરણની તાકાતથી એ જે ખૂબીથી એની પ્રથમ ભાષા, એનાં ઉચ્ચારણો, એની સંરચનાઓ, એની સંકુલતાઓ, એની નજાકતો અને એનું વ્યવહારુ વ્યાકરણ શીખી લે છે એ શૈક્ષણિક માનસશાસ્ત્રની હજી સુધી અકળ રહેવા પામેલી ઘટના છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના પ્રયોગો અને સંશોધનો દ્વારા એ સિદ્ધ થયું છે કે વિદ્યાર્થી ગમે તે વયનો ભલે રહ્યો, એનું મન કદી પણ કોરી પાટી જેવું હોતું નથી. એનું ચેતન મન અને વિશેષ તો અચેતન મન, અખૂટ લાગણીઓ, વિચારો, કલ્પનાઓ, તર્કો, તરંગો વગેરેથી ઊભરાતું હોય છે. એ એક નિરંતર ચાલતું શક્તિનું કારખાનું (power house) હોય છે. સાદામાં સાદાથી માંડી સંકુલ અને અતિ અટપટા ખ્યાલોનું પરિશીલન (processing) કરવાની ક્ષમતા માનવના મનમાં રહેલી છે. આથી, કાબેલ શિક્ષક વડે અભિપ્રેરણા પામતું વિદ્યાર્થીનું ચિત્તતંત્ર અનુકરણથી માંડીને સર્જનમૂલક મૌલિકતાની કક્ષા સુધીના ઉપક્રમો કરવાને સક્ષમ પુરવાર થતું હોય છે. આથી જ દૃષ્ટિમંત અને નમ્ર શિક્ષક હંમેશાં પોતાના અદનામાં અદના વિદ્યાર્થીની અધ્યયન કરવાની ક્ષમતા માટે આદર અને વિશ્વાસ ધરાવતો જોવા મળશે. શિક્ષણના બધા તબક્કે આવા જ શિક્ષકોની તાતી જરૂર છે એ હવે સ્વીકારાયું છે. જ્ઞાનવિસ્ફોટના વર્તમાન યુગમાં કોઈ પણ શિક્ષક પોતે સર્વથા જ્ઞાનસ્વામી છે એવો દાવો કરી શકે એવી સ્થિતિ રહી નથી. સાચો શિક્ષક, કવિવર ટાગોરની વ્યાખ્યા અનુસાર, નિરંતર વિદ્યાની સાધના કરતો વિદ્યાર્થી જ છે. પોતાના વિદ્યાર્થીની જેમ શિક્ષકે પણ શીખતા રહેવું પડે એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. આજની દુનિયામાં દર પાંચ વર્ષે જ્ઞાનવિશ્વ બમણું થઈ જાય છે. પ્રયોગો, સંશોધનો, નવવિચાર વગેરેના પરિણામે જ્ઞાનને વૃદ્ધત્વ વહેલું આવવા લાગતું હોય છે. માટે જ એક વખત કોઈ પદવી પ્રાપ્ત કરી, જિંદગીભર એના સહારે શિક્ષણકાર્ય કરી શકાશે એવો દાવો હવે ટકી શકે એમ નથી. માટે શિક્ષણ એટલે શિક્ષક વિદ્યાર્થીને જે શીખવે તે પદાર્થ એવી શિક્ષણની પુરાતન વ્યાખ્યા હવે સાચી રહી નથી, બંધબેસતી પણ રહી નથી.

## ગુજરાતમાં માનવ વિકાસનો પ્રવાહ:

ભારતે નવી શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત અપેક્ષિત ઉચ્ચ આયુષ્ય અને શિક્ષણને માનવ વિકાસના મહત્વના પરિબળ તરીકે સ્વીકારીને જીવનધોરણને સુધારવા પર ભાર મૂક્યો છે. તેથી હવે જ્ઞાન સંબંધી માપદંડ માટે સરેરાશ શાળાના વર્ષો તથા કુલ નોંધણી દરનાં સ્થાને અપેક્ષિત શાળાના વર્ષોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં માનવ વિકાસનો પ્રવાહ




http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ઉપરોક્ત આલેખ એ સ્પષ્ટપણે દર્શાવે છેકે પંચમહાલ જીલ્લામાં શિક્ષણ અને આરોગ્ય બંનેની દ્રષ્ટિએ માનવ વિકાસ સુપેરે ફલિત થયો છે. તેથી એમ પણ કહી શકાય કે હાલોલ તાલુકામાં પણ શિક્ષણ અને આરોગ્ય બંનેની દ્રષ્ટિએ માનવ વિકાસ સુપેરે ફલિત થયો છે.

## ઉપસંહાર:

આમ શિક્ષણ વિવિધ અર્થો ધરાવતું એક ખૂબ શક્તિશાળી અને શક્તિ પ્રદાન કરતું (empowering) બળ છે એ એના વિવિધ અર્થોની ચર્ચા પરથી ફલિત થાય છે. એ સ્વાભાવિક છે કે આવા વિવિધ અર્થો ધરાવતું બળ શિક્ષણ – સમાજમાં આદર પામે છે. સમાજ તેને અનિવાર્ય લેખે અને સમાજના વિવિધ વર્ગો એને જાતે પ્રાપ્ત કરવા અને એમની નવી પેઢીઓ માટે સુલભ કરી આપવા પ્રયત્નો કરે છે, એ માટે મૂડીનું રોકાણ કરે, એમાં જ્ઞાન-વિજ્ઞાનનાં સાધનોનું ઉપયોજન કરે અને એના સુચારુ વ્યવસ્થાપન માટેની જોગવાઈ કરે. ભારતની પ્રાચીન શિક્ષણવ્યવસ્થામાં જીવનનાં ચાર ધ્યેયો ધર્મ, અર્થ, કામ અને મોક્ષને નજર સમક્ષ રાખવામાં આવતાં, તેથી જ ગુરુકુળ-આધારિત શિક્ષણવ્યવસ્થામાં પણ ગુરુ અને શિષ્યના સતત આદાન-પ્રદાન (interaction) દ્વારા પ્રત્યેક શિષ્યના વ્યક્તિત્વનો વિકાસ પણ આ ચારેય ધ્યેયોથી સુસંબદ્ધ રીતે થાય તેવા પ્રબંધો જોવા મળતા હતા. ત્યારથી માંડીને આજે પણ, છેલ્લે ભારતની શાળાઓ માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ(2002)માં જણાવ્યા પ્રમાણે વ્યક્તિના વ્યક્તિત્વના સમતોલ, સુસંવાદી, અને સર્વવ્યાપી વિકાસના ધ્યેયને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. વિશ્વના એક આગળ પડતા લોકશાહી દેશ અમેરિકામાં આ દિશામાં લેવાયેલ પગલાં પણ નોંધવા જેવાં છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં ઉચ્ચ શિક્ષણ, ટૅક્નિકલ શિક્ષણ, તબીબી શિક્ષણ અને વ્યવસ્થાપન-શિક્ષણમાં ખાનગીકરણનો પ્રારંભ થયો છે. શિક્ષણ પાછળ વધતા જતા ખર્ચને ધ્યાનમાં લેતાં ઉપર્યુક્ત વિદ્યાશાખાઓ માટે રાજ્યસરકારો કોઈ નવી સંસ્થાઓ શરૂ કરવા તૈયાર નથી. તેને બદલે હવે સ્વનિર્ભર (self-finance) સંસ્થાઓ શરૂ કરવા છૂટ આપવા માંડી છે. સરકાર દ્વારા અનુદાન ન મેળવતી આ સંસ્થાઓ વિદ્યાર્થીઓ પાસેથી ઊંચી ફી વસૂલ કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતનાં બધાં રાજ્યોમાં આવી સંસ્થાઓની સંખ્યા વધતી જાય છે; પરંતુ ભારત જેવા દેશમાં જ્યાં મોટાભાગના લોકોની આર્થિક સ્થિતિ સંગીન નથી ત્યાં વર્ગભેદ ઊભા થવા પૂર્ણ સંભવ છે. કાઇક આવી જ સ્થિતિ હાલ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં જોવા મળી રહી છે.

## સંદર્ભ:

[1] https://crackecoandstat.wordpress.com/2021/04/06/manav-vikas-aank
[2] https://www.egujaratishala.com/2021/04/10.html
[3] https://www.zigya.com
[4] https://sabdekho.in/gujarat-board-solutions-class-10-social-science
[5] https://navgujaratsamay.com/human-development-report-year-2021-22-new-uncertainties-and-new-challenges/225752.html
[6] https://itpd.ncert.gov.in/pluginfile.php/1529965/mod_resource/content
[7] https://pib.gov.in/PressReleasePage.aspx?PRID=1611317

http://vidyajournal.org